ગુજરાતી / GUJARATI

પેપર II / Paper II

(સાહિત્ય) / (LITERATURE)

સમય મર્યાદા : ત્રણ કલાક *Time Allowed : **Three** Hours*	મહત્તમ ગુણ : **250** *Maximum Marks : **250***

પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

*પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.*

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

Question Paper Specific Instructions

Please read each of the following instructions carefully before attempting questions :

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

The number of marks carried by a question / part is indicated against it.

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

Word limit in questions, wherever specified, should be adhered to.

Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.

Optional Province · optionalprovince.com

SECTION A

Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) : *10×5=50*

(a) તૂટી સરખી ઝૂંપડી ને લૂંટી સરખી નાર,
છળ્યાં સરખા છોકરાં, ન મળ્યાં બીજી વાર. *10*

(b) લાંબા છે જ્યાં દિન, પ્રિય સખી ! રાત્રિએ દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય ! આશા જ કેવી ? *10*

(c) સ્ત્રીજાતિની અવદશા પરિહરવાને
એવો હુતાશન મહા પ્રકટાવીશું કે;
તેની પ્રચંડ ઉંચિ જ્વાળનિ માંહિ થાશે
અજ્ઞાન, સ્વાર્થ, વળિ દુર્મતિ સર્વ ભસ્મ. *10*

(d) દોસ્તદાર ફારબસ વિના દલપત કહે,
કાળજાનું કષ્ટ કેની આગળ ઉચારીએ. *10*

(e) "ગંધરવ વીવા(નિ)સ્યે કરી ચંદ્રસેન ચંદ્રાવતી વરી
નેહે સાગરમાં નાંહાંયાંને પુરણ ગર્ભ છે પ્રેમદા પેટ." *10*

Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક દૃષ્ટિથી ચર્ચા કરો.

(a) 'સરસ્વતીચંદ્ર ભાગ-૧' – એક યુગપ્રવર્તક નવલકથા તરીકે. *20*

(b) 'મારી હકીકત' માં નર્મદનું નિખાલસ અને પારદર્શક વ્યક્તિત્વ. *15*

(c) 'ચંદ્ર ચંદ્રાવતીની વારતા' માં કથનકલા સાથે કૌતુકરસની જમાવટ કરવામાં શામળની સર્જકતા. *15*

Q3. સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો.

(a) 'સુદામાચરિત્ર' મૈત્રીકાવ્ય કે ભક્તિકાવ્ય ? *20*

(b) 'પૂર્વાલાપ' ના કાવ્યોમાં પ્રકૃતિ અને માનવભાવો. *15*

(c) 'કાદંબરી' માં ભાલણની અભિવ્યક્તિકલા. *15*

Optional Province · optionalprovince.com

Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.

(a) 'રાઈનો પર્વત' જૂના ભવાઈવેશના એક કથાનકનો રસિક વિસ્તાર. *20*

(b) 'વસંતવિલાસ' પ્રકૃતિની પીઠિકા પર પ્રણયનું ગાન. *15*

(c) 'અખેગીતા' માં નિરૂપિત માયાનું સ્વરૂપ, જગતનું મિથ્યાત્વ, ભ્રમનું પૃથ્થકરણ. *15*

Optional Province · optionalprovince.com

SECTION B

Q5. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) : *10×5=50*

(a) 'મારાં હિંદુસ્તાનનું સ્વરાજ આવું હોય તથા
આવું સ્વરાજ લાવવા ખાતર મારો આ દેહ અર્પણ છે.' *10*

(b) હું જ રહું વિલસી સહુ સંગ ને
હું જ રહું અવશેષે નિરુદ્વેશે.... *10*

(c) 'ખુંજાલ અડગ છે, તે તૂટશે પણ વળશે નહીં.' *10*

(d) દિનરાત રાતદિન ખિન્ન છું,
એક-કેન્દ્ર થવા મથી રહેલ કિલન્ન છું,
ધબકધબકમાં ઊડી રહેલ છિન્નભિન્ન છું. *10*

(e) કાવ્ય એ કલા છે. કલા એ જીવનનું પ્રકટીકરણ છે. જો જીવન બંધાય તો કાવ્ય બંધાય. *10*

Q6. સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.

(a) એકવીસવી સદીમાં જાગતિક પ્રવાહોના સંદર્ભમાં 'હિંદસ્વરાજ' ની વિચારધારાની પ્રસ્તુતતા. *20*

(b) 'ધ્વનિ' કાવ્યસંગ્રહમાં ભાવ અને ચિંતનની સમૃદ્ધિ ઉચ્ચ કલ્પનાબળ અને અભિવ્યક્તિ કૌશલથી પ્રતીત થાય છે. *15*

(c) 'સૌરાષ્ટ્રની રસધાર' ભા. ૧ માં ત્યાંની પ્રજાનો નોખો મિજાજ અને સમર્પિત ભાવના. *15*

Q7. નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.

(a) 'માનવીની ભવાઈ' છપ્પનિયા દુકાળની ભયાનક કરુણતા વચ્ચે ગુંથાતી જતી પ્રણયકથા. *20*

(b) ઐતિહાસિક તથ્યો સાથે કલ્પનાના આધારે રચાયેલ સાહિત્યકૃતિ – 'પાટણની પ્રભુતા'. *15*

(c) 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧' ની શૌર્યકથાઓ. *15*

Q8. સમીક્ષાત્મક નોંધ લખો.

(a) 'જનાન્તિકે' સુરેશ જોષીની વૈયક્તિક મુદ્રાનો આવિષ્કાર. *20*

(b) 'સપ્તપદી'ની કેન્દ્રીય અનુભૂતિ. *15*

(c) 'કાવ્યની શક્તિ'માં નિરૂપિત કાવ્યવિચારણા. *15*

Optional Province · optionalprovince.com